## મજુર અદાલત, વડોદરાના પ્રમુખ અધીકારીશ્રી સમક્ષ

રેફરન્સ (એલ.સી.વી.)નંબર.૨૯૩/૨૦૧૯

આંક :૧૯

પ્રથમ પક્ષકાર ::- ગોલ્ડન ટોબકો લી.,
દરજીપુરા, પો.આમલીપુરા,
જી.વડોદરા.

::- વિરૂધ્ધ -::

બીજા પક્ષકાર ::- ભુપેન્દ્રકુમાર મણીભાઈ
હે.ભાથીજીવાળુ ફળીયુ,
મુ.પો.વડોદ,તા.જી.આણંદ
ગુજરાત એન્જીનીયરીંગ એન્ડ જનરલ કામદાર યુનિયન,
''ભાલચંદ્ર ત્રિવેદી સભા હોલ'' ગાયત્રી ચેમ્બર્સ,
આર.સી.દત્ત રોડ, વડોદરા.

પ્રથમ પક્ષકાર તરફે :- વિ.વકીલશ્રી કે.કે.ચૌકસી
બીજા પક્ષકાર તરફે :- યુનિયન પ્રતિનિધિ શ્રીઅતુલ ત્રિવેદી

::- એ વો ર્ડ -::

(૧) આ રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વડોદરાની કચેરીના હુકમ ક્રમાંક : કે. એચ. / એસ. એચ. / એમ. સી. / ૫ / એ. જે. /૧૩૬૧૬, તારીખ : ૨૯/૦૫/૨૦૧૯ થી શ્રમયોગીશ્રી બીજાપક્ષકાર ને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ સંસ્થામાં પુન: સ્થાપિત કરવા કે કેમ ? તે મુદ્દાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) બીજા પક્ષકાર તરફે આંક-૦૩ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર શ્રમયોગી પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૮/૦૭/૧૯૮૦ ના રોજ જોડાયેલ.પ્રોડકશન ખાતામાં ડીટર તરીકે ફરજ બજાવતા હતા. અમો બીજા પક્ષકાર શ્રમયોગી છુટા કર્યા તે વખતે એલાઉન્સીસ સાથે માસીક પગાર રૂા.૧૬,૨૧૪.૨૩/- પૈસા મળતો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાલમાં ૨૦૦ જેટલા કાયમી કામદારો, સ્ટાફ ભાઈઓ, કોન્ટ્રાકટરના કામદારો વિગેરે કામ કરે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને ઔદ્યોગિક રોજગાર

અધિનિયમ ૧૯૪૬ અને ગુજરાત ઔધોગિક રોજગાર નિયમ ૧૯૫૯ ના નિયમ ૨૭ મુજબ ૬૦ વર્ષ નિવૃતી અંગેની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે અને તે નિયમ પ્રથમ પક્ષકાર સંસ્થાને લાગુ પડે છે.

પ્રથમ પક્ષકાર સંસ્થાએ અમો બીજા પક્ષકાર શ્રમયોગીઓને તા.૨૩/૦૩/૨૦૧૮ નો પત્ર આપેલ અને ૫૮ વર્ષ ગેરકાયદેસર રીતે નિવૃત કરવાનું જણાવેલ. તે પત્ર મુજબ અમો બીજા પક્ષકાર શ્રમયોગીને ૫૮ વર્ષે ગેરકાયદેસર રીતે નિવૃત કરવાનું જણાવતા અમો બીજા પક્ષકાર શ્રમયોગીએ મૌખિક રીતે વિરોધ કરેલ. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાએ અમો બીજા પક્ષકાર શ્રમયોગીઓને જણાવેલ કે તમોને સદર પત્રનુસાર તા.૧૫/૦૪/૨૦૧૮ ના રોજ કામના કલાકો પછી ૫૮ વર્ષ જ નિવૃત કરવામાં આવશે. આમ અમો બીજા પક્ષકાર શ્રમયોગીની જન્મ તા.૧ ૬/૦૪/૧૯૬૦ છે અને અમો બીજા પક્ષકાર શ્રમયોગીની ૬૦ વર્ષની ઉંમર તા.૧૬/૦૪/૨૦૨૦ ના રોજ પુરી થાય છે. તમે છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૧૫/૦૪/૨૦૧૮ ના રોજ કામના કલાકો પછી ફરજનો સમય પુરો થતા ૫૮ વર્ષ નિવૃત કરી છુટો કરવામાં આવેલ છે. અમો બીજા પક્ષકાર શ્રમયોગીઓને ઔધોગિક રોજગાર અધિનિયમ ૧૯૪૬ અને ગુજરાત ઔધોગિક રોજગાર નિયમ ૧૯૫૯ ના નિયમ ૨૭ નું ઉલ્લંઘન કરી પ્રથમ પક્ષકાર સંસ્થાએ ગેરકાયદેસર રીતે તા.૧ ૬/૦૪/૨૦૧૮ ના રોજ છુટા કરેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થાએ મદદનીશ શ્રમઆયુકશ્રી વડોદરા સમક્ષ કાયદેસર રીતે ૫૮ વર્ષ શ્રમયોગીઓ, કર્મચારીઓને નિવૃત કરવાનું ઔધોગિક રોજગાર અધિનિયમ ૧૯૪૬ અને ગુજરાત ઔધોગિક રોજગાર નિયમ ૧૯૫૯ પ્રમાણિત કરાવેલ ન હોઈ તેવા કિસ્સામાં નામદાર સુપ્રિમકોર્ટ ૫૮ વર્ષે નિવૃત કરવાનું ગેરકાયદેસર ઠરાવેલ છે.

આથી અમો બીજાપક્ષકાર શ્રમયોગીએ નિયમ ૨૭ ની જોગવાઈઓનુસાર પડેલા દિવસોના પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવાની ફરીયાદ મદદનીશ શ્રમ આયુકતરીને કરેલ અને તેની એક નકલ પ્ર થમપક્ષકાર સંસ્થાને પણ રજી.એ.ડી. પોસ્ટથી મોકલી આપેલ. મ.શ્ર.ક.શ્રી સમક્ષ કોઈ નિકાલ કે સમાધાન ન થતા સદર કેસ ન્યાય નિર્ણય માટે આપ નામદારને સુપ્રત થતા અને આપ નામદારે માંગણાનું નિવેદન રજુ કરવાનુ ફરમાન કરતા સાદર નિવેદન રજુ કરીએ છીએ.

(૩) સામાવાળા તરફે આંક–૮ થી માંગણા નિવેદનનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, મદદનીશ મજુર કમિશનશ્રી  વડોદરાએ આપ નામદાર સમક્ષ બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ તે અંગેના હુકમથી બીજા પક્ષકારનો કલમ–૧૦(૧) હેઠળ રેફરન્સ હકીકતને આધારે તથા કાયદાથી વિરૂધ્ધ હોઈ કાયદેસર રીતે ટર્મ્સ ઓફ રેફરન્સ ટકી શકે તેમ ન હોઈ ફકત આ એક જ પ્રાથમિક મુદ્દા ઉપર બીજા પક્ષકારે આપ નામદાર સમક્ષ કરાવેલ રેફરન્સ રદ થવાને પાત્ર છે.

અમારી સંસ્થા સને.૧૯૭૩ થી કાર્યરત  છે. આ સમયગાળા દરમ્યાન ઘણા સંખ્યા બંધ કામદારો નિવૃત થયા છે. ચાલી આવતી પ્રથા મુજબ તેઓને ૫૮ વર્ષની વયે નિવૃત થયેલ જેથી અગાઉથી બીજા પક્ષકારને લેખિતમાં જાણ કરવામાં આવેલ, છતાં બીજા પક્ષકારે ખોટી રીતના ગેરકાદેસરઅ અને ગેરવાજબી લાભ લેવાના હેતુથી હાલનો રેફરન્સ કરેલ છે. વધુમાં આપ સાહેબને અરી હકીકતની રજુઆત કરવાની કે, છેલ્લા ઘણા વર્ષથી કંપનીની આર્થિક પરિસ્થિત સારી નથી. કંપનીની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે જ કંપની, કંપનીમાં કામ કરતા કામદારોને સમયસર પગાર પણ ચુકવી શકત નથી. આથી પણ બીજા પક્ષકારની માંગણી કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી.

કંપનીની સ્થાપના મુંબઈ ખાતે થઈ ત્યારથી જ સમગ્ર નિવૃતિ વય મર્યાદા ૫૮ વર્ષની છે અને આજદિન સુધી તે બાબતને કોઈ યુનિયન કે કામદારે વિવાદ ઉભો કર્યો નથી. ૫૮ વર્ષની વય નિવૃતિ વય મર્યાદાએ કંપનીની સ્થાપના ૧૯૩૦  માં થઈ ત્યારથી સમગ્ર ભારત ભરની શાખાઓમાં ૫૮ વર્ષે નિર્વતીની પ્રથા ચાલી આવી છે. વધુમાં જણાાવાનું કે કંપનીના પોતાના સ ર્ટીફાઈઢ સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ નિવૃતિ વય મર્યાદા ૫૯ વર્ષ નિવૃતીની સ્ર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ તથા વર્ષોની ચાલી આવતી પ્રથાએ બંને ને સાથે લેતાં તથા ત્રટુક રીતે પણ કાયદેસર છે. અને તેથી કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધ કોઈ તકરાર બનતી નથી. વધુમાં જણાવવાનું કે ગુજરાત એન્જીનયરીંગ એન્ડ જનરલ કામદાર યુનિયન કંપનીમાં સન ૧૯૮૮ થી સન ૧૯૯૭ સુધી એટલે કે લગભગ ૧૦ વર્ષ કાર્યરત હતુ તેઓએ તે બાબતમાં  કોઈ જે તે વખતે નિવૃતિની વય બાબતમાં કોઈ તકરાર ઉભી કરી નથી. અને કંપની સાથે ઘણાં સમાધાન પણ કરેલા તેઓને આજદિન સુધી નિવૃતિ વય બાબતમાં યુનિયને વિવાદ ઉભો  કર્યો નથી. જેની નોંધ લેવી જરૂરી છે. પ્રસ્તુત કેસમાં જયારે વર્ષોની ચાલી આવતી પ્રથા અને વિવાદ અંગેની બાબત વચ્ચે પસંદગી કરવાની થાય

ત્યારે ચાલી આવતી પ્રથા ને પ્રાધાન્ય આપવાના સીધ્ધાંતની પ્રમાણે પણ રેફરન્સ કરેલ વિવાદ ચાલી શકે નહી. આમ બીજા પક્ષકારને અગાઉથી લેખિતમાં જાણ કરેલ છે. આથી પણ બીજા પક્ષકારની માંગણી ગેરકાયદેસર અને ગેરવાજબી હોવાથી કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોવાથી બીજા પક્ષકારનો આપ નામદાર સાહેબ સમક્ષ ઉપસ્થિત કરેલ રેફરન્સ રદબાતલ કરવા આપ નામદાર સાહેબને નમ્ર અરજ છે.

(૪) બીજાપક્ષકાર તરફે મૌખિક જુબાનીના સ્વરૂપમાં આંક–૧૦ થી સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે પ્રથમપક્ષકાર તરફે આંક–૧૭ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે

(૫) પક્ષકારો તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

બીજાપક્ષકારના દસ્તાવેજી પુરાવા:–

| અનું | નિશાની | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૯/૧ | બીજાપક્ષકારને નિવૃત કર્યા અંગેનો પત્ર | ૨૩/૦૩/૨૦૧૮ |
| ૨. | ૯/૨ | બીજાપક્ષકારને છુટા કર્યાની કરેલ ફરીયાદ | ૧૩/૦૩/૨૦૧૯ |
| ૩. | ૯/૩ | ઓળખકાર્ડની ઝેરોક્ષ | – |
| ૪. | ૯/૪ | બીજાપક્ષકારની સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ | – |
| ૫. | ૯/૫ | પગાર પાવતીની નકલ | એપ્રિલ–૨૦૧૮ |

પ્રથમપક્ષકારના દસ્તાવેજી પુરાવા:–

| અનું | નિશાની | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૧૧/૧ | પ્રથમ પક્ષકાર કંપનીના સર્ટીફાઈડ સ્ટેન્ડીંડ ઓર્ડરની નકલ. | – |
| ૨. | ૧૩/૧ | નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ અમદાવાદે પ્રથમ પક્ષકારની વિરૂધ્ધમાં કરેલ હુકમની નકલ. | ૦૭/૦૬/૨૦૨૨ |
| ૩. | ૧૩/૨ | પ્રથમ પક્ષકાર કંપનીમાં ઈન્ટ્રીમ રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે શ્રી વિચિત્ર નારાયણ પાઠકની ધી ઈન્સોલવન્સી અને બેંકરપ્ટસી કોડની કલક–૧૪ હેઠળ કરેલ નિમણુંક બાબતે આઈ.આર.પી. ના પત્રની નકલ. | ૦૭/૦૬/૨૦૨૨ |
| ૪. | આંક–૧૬ | પ્રથમ પક્ષકાર કંપની અને તેમાં કામ કરતા કામદારો કે જેઓ ૫૮ વર્ષની મર્યાદામાં પુરી થતા નિવૃત થયેલ તેઓએ નામદાર ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ સમક્ષ કેસ | – |

| | | | |
|---|---|---|---|
| | | નં.૯૭/૨૦૧૦ રેફરન્સમાં કેસમાં નામદાર ટ્રીબ્યુનલ ૭૦% બેકવેજીસનો કરેલ હુકમ બાબતે સ્પેશયલ સીવીલ એપલીકેશન નં.૧૬૦૧/૨૦૧૪ તથા ૧૬૦૨/૨૦૧૪ ની પીટીશન તા.૨૯/૦૧/૨૦૧૪ તા.૧૭/૦૨/૨૦૧૪ અને તા.૧૨/૦૩/૨૦૧૪ તા.૨૩/૦૩/૨૦૧૮ તથા તા.૦૧/૦૯/૨૦૨૨ ના રોજ કરેલ હુકમની નકલ તથા પીટીશનની નકલ. | |

**(૬)** બીજાપક્ષકાર તરફે આંક–૧૫ થી અને પ્રથમ પક્ષકારે આંક–૧૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**(૭)** બીજાપક્ષકારની મૌખિક દલીલ સાંભણી.પ્રથમપક્ષકારનો તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ દલીલનો હકક બંધ કરવામાં આવેલ.

**(૮)** ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

::– મુદ્દાઓ –::

(૧) બીજા પક્ષકારને પડેલા દિવસોના પૂરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ?

(૨) શું હુકમ

**(૯)** ઉપરોકત મુદ્દાઓનો નીચે પ્રમાણે જવાબ આપવામાં આવે છે.

મુદ્દા નંબર (૧) : અંશત: હકારમાં

મુદ્દા નંબર (૨) : આખરી હુકમ મુજબ.

**::<u>કારણો:</u>**

**(૧૦) <u>મુદદા નં.૧</u> :–**

આ કામે બીજા પક્ષકારના માંગણા નિવેદનમાં જણાવે છે કે, તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજનો પત્ર આપી ૫૮ વર્ષે ગેરકાયદેસર રીતે નિવૃત કરવામાં આવેલ છે. તે હકીકત પુરવાર કરવા માટે બીજા પક્ષકાર ધ્વારા આંક–૧૦ થી પુરવાનો સોગંદનામું રજુ કરવામાં આવેલ છે જેમાં માંગણા નિવેદનમાં જણાવેલ હકીકતોનો પુનરાવર્તન કરવામાં આવેલ છે.

પ્રથમ પક્ષકાર ધ્વારા લેખિત જવાબ આપી માંગણા નિવેદનની હકીકતોને પડકારવામાં આવેલ અને જણાવવામાં આવેલ કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં ચાલી આવતી પ્રથા મુજબ ૫૮ વર્ષે નિવૃત કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર ધ્વારા આંક-૧૭ થી સાક્ષીનો સોગંદનામું રજુ કરવામાં આવેલ જેમાં તેઓ જણાવે છે કે, '' **એ વાત ખરી છે કે, મેં મારુ સોગંદનામુ વાંચેલુ છે. મેં સોગદનામાં જણાવ્યા પ્રમાણે કંપનીની આર્થિક પરિસ્થિતી અંગેનો પુરાવો આ કામે રજુ કરેલ નહી.ગોલ્ડન ટેબેકો કંપની ૧૯૭૨ માં વડોદરા ખાતે ચાલુ થયેલ. મને નિશાની ૧૧/૧ બતાવવામાં આવે છે કે ,જે જોઈને કહુ છુ કે,જે સર્ટિફાઈડ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર મુમ્બઈના કલાર્ક સિવાય ના કર્મચારી માટે છે. એ વાત ખરી છે કે, વડોદરા ખાતે આવલી કંપની માટે કોઈ સર્ટિફાઈડ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર ઘડવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે ,વડોદરા ખાતે આવેલી સંસ્થા અને કર્મચારી ઓ વચ્ચે નિવૃતી વય અંગેનું કોઈ સમાધાન થયેલ નહી. એ વાત ખરી છે કે, દરેક રાજયોના મોડલ સ્ટેન્ડીંગ રૂલ્સ જુદા – જુદા હોય છે.''**

આમ, રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા એવું ફલીત થાય છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાના કોઈ સર્ટી સ્ટેન્ડીંગ ઓર્ડર નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારોને જે ચાલી આવતી પ્રથા મુજબ ૫૮ વર્ષ નિવૃત કરેલ છે તે સાબીત કરવા માટે પણ કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા આંક-૧૧ થી જે સ્ટેન્ડીંગ ઓર્ડર ન કોપી રજુ કરવામાં આવેલ તે સ્ટેન્ડીંગ ઓર્ડર મુંબઈ રાજયનો છે. વધુમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નિમણુંક પત્રની શરતોના આધીન ૫૮ વર્ષે નિવૃત કરેલ હોય તેવું પણ રેકર્ડ ઉપર આવેલ નહી. વધુમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે કોઈ નિવૃતીની ઉંમર અંગે કોઈ સમાધાન થયેલ હોય તેવું પણ રેકર્ડ ઉપર આવેલ નથી.

આમ, પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને ૫૮ વર્ષે નિવૃત કરેલ હોય તે યોગ્ય જણાતું નથી. વધુમાં બીજા પક્ષકારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તેઓને પુન:સ્થાપિત કરવાનું પ્રશ્ન રહેતુ નથી. જેથી બીજા પક્ષકારને ઉચ્ચક વળતરની રકમ પેટે રૂા.૧,૨૦,૦૦૦/- આપી દેવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું આ કોર્ટનું માનવુ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ અંશત: હકારમાં આપી મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ આપવામાં આવેલ છે.

## // <u>આખરી હુકમ</u> //

૧) બીજાપક્ષકારનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.

૨) બીજાપક્ષકારને છુટા કરવાનુ પ્રથમપક્ષકાર સંસ્થાનું પગલુ ગેરકાયદેસર છટણી હોય, આથી પ્રથમપક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દીન-૩૦ માં તેઓએ આ કામના બીજાપક્ષકારને વળતર પેટે રૂા.૧,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરા)ચુકવી આપવા.

૩) બીજાપક્ષકારને અરજી ખર્ચ પેટે પ્રથમપક્ષકાર સંસ્થાએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૧૮/૧૧/૨૦૨૪**
(પી. એમ.હાડા-સ્ટેનો)

**(અરૂણ સોની)**
**જી.જે.૧૪૨૨**
**જજ(જુનીયર ડીવીઝન)**
**લેબર કોર્ટ નંબર (૩), વડોદરા**
(CODE NO.GJ01422)